Surat Municipal Corporation
e-Magazine
Issue 54
June 2, 2006

## સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા ઝોન વિસ્તારમાં તા. ૨૭–૫–૨૦૦૬ના રોજ આવાસની ચાવી અર્પણવિધિ




તા.૨૭–૦૫–૨૦૦૬નાં રોજ સવારે  સુરત મહાનગરપાલિકા દ્વારા " ડો. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના " હેઠળ ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી સુરત મહાનગરપાલિકાને મળેલ રૂા. ૩.૯૨ કરોડની સહાય અને વ્યાજ મુકત લોનના સહયોગથી તૈયાર કરવામાં આવેલ સફાઈ કામદારો માટે જુદી જુદી સાત આવાસ યોજનાઓ પૈકીના ૩ જગ્યાના આવાસોની ચાવી અર્પણવિધિ નો કાર્યક્રમ ડુંભાલ ટ્રાન્સપોર્ટ ગોડાઉનની પાછળ રાખવામાં આવ્યો હતો...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઈન્ટરનેશનલ સીટી મેનેજર્સ એસોસીએશનની ટીમ તા. ૨૯–૫–૨૦૦૬ના રોજ સુરતની મુલાકાત

સીટી મેનેજર એસો.ના ઉપક્રમે ઈન્ટરનેશનલ સીટી મેનેજર્સ એસોસીએશનની ટીમ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ છે. તે ટીમના લીડર મી. રોન બર્ગમેન અને અન્ય સભ્યો સાથે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, ફાયનાન્સીયલ મેનેજમેન્ટ અને સીટીઝન ગ્રીવન્સીસ રીડ્રેસલ સીસ્ટમ બાબતે તા. ૨૯–૫–૨૦૦૬ના રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાત લીધી હતી. તેમની સાથે સીટી મેનેજર્સ એસોસીએશન ઓફ ગુજરાતના પ્રોગ્રામ મનેજર, મીસ. મેઘના તેમજ નવસારી નગરપાલિકાના કાર્યપાલક ઈજનેરશ્રી રાજુભાઈ અને હેલ્થ ઓફિસર જોડાયા હતો...



વધુ માટે કલીક કરો >>>>>>

## સરકાર માન્ય રોજગારલક્ષી પ્રિ–સેનેટરી ઈન્સ્ટેકટર્સ કોર્ષમાં પ્રવેશ મેળવો

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટના સુરત કેન્દ્ર તરફથી ચાલુ વર્ષે આગામી માહે જુલાઈથી શરૂ થનારા ૧ (દોઢ) વર્ષની મુદતના પ્રિ–સેનેટરી ઈન્સ્પેકટર્સ કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ પાસ ઉમેદવારો માટે ઉત્તમ તક સંસ્થામાં ચાલતા સેનેટરી ઈન્સ્પેકટર્સ ડીપ્લોમાં કોર્ષમાં પ્રવેશ માટેના ફોર્મ્સ સંસ્થાના કાર્યાલય નગર પ્રાથમિક શાળા ક્રમાંકઃ ૭૮, બીજો માળ, ગલેમંડી, મંછરપુરા, કોલસાવાડ, સુરત ખાતેથી સવારે ૧૧–૦૦ થી બપોરે ૩–૦૦ દરમ્યાન (રજાના દિવસો સિવાય) મેળવી લેવાના રહેશે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા ઝોન વિસ્તારમાં તા. ૨૭–૫–૨૦૦૬ના રોજ આવાસની ચાવી અર્પણવિધિ

તા.૨૭–૦૫–૨૦૦૬નાં રોજ સવારે સુરત મહાનગરપાલિકા દ્વારા " ડો. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના " હેઠળ ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી સુરત મહાનગરપાલિકાને મળેલ રૂા. ૩.૯૨ કરોડની સહાય અને વ્યાજ મુકત લોનના સહયોગથી તૈયાર કરવામાં આવેલ સફાઈ કામદારો માટે જુદી જુદી સાત આવાસ યોજનાઓ પૈકીના ૩ જગ્યાના આવાસોની ચાવી અર્પણવિધિ નો કાર્યક્રમ કુંભાલ ટ્રાન્સપોર્ટ ગોડાઉનની પાછળ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા. મુખ્યમંત્રીશ્રીનરેન્દ્ર મોદીએ તકતીનું અનાવરણ કરી, સમારંભ સ્થળે પ્રાર્થના અને સ્વાગતગીત બાદ દીપ પ્રગટાવી સમારંભ વિધિવત ખુલ્લો મુકયો હતો. ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી રૂા. ૩.૯૨ કરોડનો સહયોગનો ચેક મા. મુખ્યમંત્રીના વરદ હસ્તે સુરત મહાનગરપાલિકાના મેયરશ્રીને અર્પણ કરવામાં આવેલ




આ પ્રસંગે મા. મુખ્યમંત્રીશ્રીએ તેમના વકતવ્યમાં જણાવ્યું કે આજ રોજ " ડો. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના " ની અર્પણવિધિ કરવામાં આવેલ છે તેનું નામ ડો.ભીમરાવ આંબેડકર સાથે જોડાયેલું છે. ડો.ભીમરાવ આંબેડકર દલિતો અને વંચિતોના મસીહા, ન્યાય માટે સંઘર્ષ કરનાર વિશ્વ માનવ હતા. તેમણે દલિતો અને વંચિતો માટે શિક્ષીત થવા માટેનો સંદેશ આપેલ હતો. તેમ જણાવી તેમણે સફાઈ કામદારોને તેમના સંતાનોને વિદ્યા અભ્યાસ કરવા પણ ખાસ ભાર મુકી અપીલ કરી હતી. તેમજ સરકાર દલિતો અને છેવાડાના માનવીઓના ઉત્કર્ષ માટે અનેક યોજનાઓ ચલાવવામાં આવે છે તેનો પૂર્ણ ઉપયોગ કરવા જણાવેલ. આ તબકકે તેમણે તેમની ગાંધીનગરની સરકારી કચેરીઓની મુલાકાત વખતે આવી કચેરીઓમાં ફરજ બજાવતા કામદારો મળ્યા કે જે ઓ પ્રૌઢ અને અશિક્ષિત હતા. જેમાં મોટા ભાગના વાલ્મીકી ભાઈ બહેનો હતા. તેથી તેમણે સરકારના વિભાગોમાં આવા પ્રૈઢોને અક્ષરજ્ઞાન મળે તે માટે જરૂરી વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. તેમજ આ આવાસોમાં પણ પ્રૌઢોને શિક્ષણ મળે તે માટે સુરત મહાનગરપાલિકાને અનુરોધ કરેલ. આપણા સમાજને સાક્ષર બનાવવાની સામાજીક જવાબદારી આપણા સૌની છે. તેથી તંત્રની સાથોસાથ નગરસેવકોને પણ આવા સાક્ષરતા અભિયાનમાં યોગદાન આપવા જણાવેલ હતું. ન્યુયોર્ક–ન્યુજર્સીનો ટવીન્સ સીટી તરીકે વિકાસ થઈ રહેલ છે. તે જ રીતે સુરત–નવસારીનો ટવીન્સ સીટી તરીકે વિકસાવવા જોઈએ. સમગ્ર વિશ્વમાં સેટેલાઈટ સીટીનો કોન્સેપ્ટ વિકાસ પામી રહેલ છે. વિકાસના કામો કરવામાં પાયાની સુવિધાઓ વિકસાવવી જોઈએ જે ભવિષ્યની ઈમારતોની આધારશીલા છે. સુરત વિશ્વની તોલે આવે તેવું શહેર બનવા તરફ પ્રયાણ કરી રહયુ છે ત્યારે શાસકો અને પ્રજાના સમન્વયથી વિકાસના કામો ઝડપથી આગળ વધારવા જોઈએ તેની વચ્ચે આવતી અડચણો દૂર કરવી જોઈએ. સુરતમાં વધતા જતા લેન્ડ ગ્રેબીંગના વધતા જતા બનાવો અંગે પ્રજાને સાવચેત રહેવા જણાવી આવી પ્રવૃત્તિઓથી અળગા રહેવા જણાવ્યું હતું. અન્યથા સુરત શહેરનો વણથંભ્યો વિકાસ અટકી જશે. પ્રજાએ શાસકો પર વિશ્વાસ મુકયો છે તેની પ્રતિતિ મહાનગરપાલિકા ધ્વારા લોકાર્પણ કરવામાં આવતા વિવિધ પ્રકલ્પો છે. સુરત શહેરના અકલ્પનીય વિકાસથી અંજાઈને સુરત મહાનગરપાલિકાના ગતિશીલ તેમજ પારદર્શક વહીવટની ગતિવિધીનો અભ્યાસ કરવા વર્ષમાં સમગ્ર દેશમાંથી ૨૦ થી ૨૫ મહાનગરપાલિકાના પ્રતિનિધિ મંડળો તથા અન્ય દેશોના પ્રતિનિધિઓ પણ સુરત મહાનગરપાલિકાની મુલાકાત લઈ કરવામાં આવતી કામગીરીની નોંધ લઈ પ્રેરણા મેળવે છે.

આજે દેશમાં પરિવર્તનનો દોર ચાલી રહયો છે ત્યારે મુંબઈના લોકો સુરત તરફ વળી રહયા છે તેથી મુંબઈ આજે ભલે દેશની આર્થિક રાજધાની ગણાતી હોય પરંતુ આવનારા દિવસોમાં દેશની બીજી આર્થિક રાજધાની સુરત બનશે જ તેમાં કોઈ મીનમેખ નથી. આ માટે રાજય સરકાર તરફથી સંપૂર્ણ સહયોગની ખાત્રી ઉચ્ચારી હતી. તેમણે આ આવાસોમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ ની કરવામાં આવેલ જોગવાઈની પ્રશંસા કરી જણાવ્યું હતું કે આ આવાસોના બાંધકામની સાથો સાથ જ વૃક્ષા રોપણ પણ થવું જોઈએ જેથી બાંધકામ પૂર્ણ થયે વૃક્ષોનો પણ વિકાસ થતા પર્યાવરણની જાળવણી તેમજ સુરતની હરીયાળીમાં વધારો થશે.

સુરત સાક્ષરતાની બાબતમાં સર્વોત્તમ ઉચાર સર કરી રહયું છે. પ્લેગ વખતે સુરત શહેર સર્વ જગતમાં બદનામ થયેલ હતું તે સુદ્રઢ વહિવટ તેમજ દૂરંદેશીતાને કારણે આજે સ્વચ્છ, સુંદર અને હરિયાળુ બનેલ છે જે જગતભરમાં વિખ્યાત થયેલ છે. જેના યશના ખરા અધિકારી આ સફાઈ કામદારો જ છે. તેમજ ખુબ જ ટુંકા ગાળામાં સ્વચ્છ સુરતનું બીરૂદ મેળવેલ છે. તે ટકાવી રાખવાની વિશેષ જવાબદારી સર્વેની છે. સુરત શહેરની રીવર ફ્રન્ટ યોજના સાકાર થતા જ વિકાસ ચરમસીમાએ પહોંચશે.

ભૂતકાળમાં ૧૪૩ જેટલી નગરપાલિકાઓ હતી હાલમાં ૧૭૦ જેટલી નગરપાલિકાઓ છે. હાલમાં ૪૦% જેટલી જનસંખ્યા શહેરોમાં વસે છે. આ શહેરોનું સુયોજીત અને યોજનાબધ્ધ વિકાસ થાય તે માટે સને ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવેલ હતું. આ અર્બન મીશનના કાર્યક્રમને કેન્દ્ર

સરકારે વખાણી ગુજરાતને મોડેલ રાજય તરીકે ગણી દેશમાં અર્બન ડેવલપમેન્ટ અને અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર કાર્યો કરવાનું વ્યવસ્થિત આયોજન કરેલ છે. ગુજરાતમાં વિકાસના કામો થતા જોઈ પ્રજાજનો રાજીખુશીથી કર ભરી વિકાસના કામમાં પૂરતો સહયોગ આપી રહયા છે.

આજના સમારોહ પ્રમુખ તેમજ સુરત પ્રથમ નાગરિક એવા મેયર ડો.કનુભાઈ માવાણીએ તેમના વકતવ્યમાં જણાવ્યું હે સુરત શહરેમાં રોજીની વિશાળ તકો હોય રહેઠાણની સમસ્યા ખાસ કરીને નીચલા વર્ગો માટે વિકટ થતી જાય છે. તેથી મનપા છેવાડાના માનવીની જરૂરીયાતોને ઘ્યાનમાં રાખી આયોજનો કરે છે. જેના ફળ સ્વરૂપે આજ રોજ સફાઈ કામદારો માટે ૧ રૂમ-રસોડાના ૪૧૨ ફલેટ તથા ૨ રૂમ-રસોડાના ૩૩૯ ફલેટો પૈકીના લાભાર્થીઓને મા. મુખ્યમંત્રીશ્રીના વરદ્ઘહસ્તે આવાસોની ચાવી અર્પણ કરવામાં આવેલ છે. સુરત ને વિશ્વ સ્તરે લઈ જવામાં તથા સ્વચ્છ સુરત સુંદર સુરત શહેર બનાવવાની નેમમાં સફાઈ કામદારોનો ફાળો છે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા ગરીબો માટે વિવિધ યોજનાઓ ચલાવે છે તેનો સાતત્યપૂર્ણ લાભ લેવા અનુરોધ કર્યો હતો.




આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત સુરતના સાંસદ અને ભારત સરકારના પૂર્વ ગ્રામીણ વિકાસ મંત્રી, માન. શ્રી કાશીરામભાઈ રાણાએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે સુરત શહેરને સુંદર બનાવવામાં જેમનું યોગદાન છે તેવા સફાઈ કામદારો ઘર વિહોણા ન રહે તે માટે સુરત મહાનગરપાલિકાનો પ્રયત્ન સાચે જ અનુકરણીય છે. આ શાસકોને દેશના ગરીબો અને બેઘર લોકોની ચિંતા છે તેથી આવા વર્ગો માટે વિવિધ યોજનાઓ ચલાવવામાં આવે છે. સુરત શહેરમાં રોજી માટે લાખો લોકો આવ્યા છતા સુરત શહેરમાં સફાઈ આરોગ્ય ને લગતા પ્રશ્નો ઉભા થયા નથી. તેમજ સુરત રળીયામણું બન્યું છે. આ માટેનો પાયો સને ૧૯૯૫ના દિર્ઘદ્રષ્ટા શાસકોએ નાંખ્યો હતો જેના મીઠા ફળો શહેરીજનો ને મળી રહે છે. આ તબકકે તેમણે જણાવ્યું હતું કે જે રીતે સુરત માં સફાઈ કામદારોના આવાસો માટે રાજય સરકારે સહયોગ આપ્યો તેવા દરેક શહેરમાં વસતા સફાઈ કામદારો માટે પણ આવા આવાસો આપી તેમના માટે સવલતો ઉભી કરવા સૂચન કરેલ હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ગુજરાત સરકારના પાણી પુરવઠા અને જળ સંપત્તિ વિભાગના મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે તેમના વકતવ્યમાં જણાવ્યું કે સફાઈ કામદારો માટે સામાજિક અને આર્થિક ક્રાન્તિ લાવનારી યોજના માં સફાઈ કામદારોને દરેક લાભાર્થી દીઠ રૂા.૪૦,૦૦૦/- ની સબસીડી અને રૂા.૬૦,૦૦૦/- ની મર્યાદામાં ૧૦ વર્ષની મુદત માટે વ્યાજ મુકત લોન આપી તેઓને પગભર કરવા પ્રયત્ન કરવામાં આવેલ છે. આમ સુરત મહાનગરપાલિકા છેવાડાના સફાઈ કામદારોના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ છે તેની આજ રોજ પ્રતિતિ કરાવેલ છે.

કમિશનરશ્રીએ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત તેમજ પ્રકલ્પની રૂપરેખા આપતા જણાવ્યું કે સુરત શહેર નાગરીક સુવિધાઓ પ્રાપ્તિ અને શાસન પ્રણાલિ માટે વિશ્વ સ્તરે કિર્તીવંત બન્યુ છે. સુરત મહાનગરપાલિકા રસ્તા, પાણી, લાઈટ, ડ્રેનેજ, આરોગ્ય, પ્રાથમિક શિક્ષણ ઈત્યાદી ફરજીયાત સેવાઓની આપૂર્તિ સાથે જ પુસ્તકાલય, રમતગમત સંકુલ, બાગ બગીચા, પ્રાણી સંગ્રહાલય, મ્યુઝીયમ વિગેરે મરજીયાત સેવાઓ પૂરી પાડવામાં પણ અગ્રેસર રહેલ છે ત્યારે આજે આ તબકકે સુરત શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવામાં જેમનું મહત્વનું યોગદાન રહયું છે તેવા સફાઈ કામદારોને રાજય સરકારશ્રીના આર્થિક સહયોગ તથા વ્યાજમુકત લોન ધરાવતા આવાસની સુવિધા પૂરી પાડેલ છે.

સુરત મહાનગરપાલિકામાં હાલમાં લગભગ ૪૫૦૦ સફાઈ કામદારો શહેરમાં સાફ સફાઈની કામગીરી માટે શ્રમયોગ આપી રહેલ છે. તેઓના અથાગ પરીશ્રમને લીધે સુરત શહેર સમગ્ર દેશમાં નહી પરંતુ વિશ્વભરમાં સાફ સફાઈ માટે સુવિખ્યાત બન્યું છે. તે પૈકીના સફાઈ કામદારો માટે વિવિધ વિસ્તારોમાં સ્ટાફ કવાર્ટસ બાંધી આવાસોની ફાળવણી કરેલ છે" ડૉ. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના " હેઠળ સફાઈ કામદારો માટે આવાસ યોજનાઓ બનાવવાનો ઘનિષ્ટ કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. સફાઈ કામદારો માટેની આ યોજનામાં રાજય સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા લાભાર્થીદીઠ રૂા. ૪૦,૦૦૦/- ની સબસીડી અને રૂા. ૬૦,૦૦૦/- ની મર્યાદામાં ૧૦ વર્ષની મુદત માટે વ્યાજ મુકત લોનનો સહયોગ મળી રહેલ છે. આ માટે ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી રૂા. ૩.૯૨ કરોડનો સહયોગ સુરત મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલ છે.

સદર યોજના અન્વયે સુરત મહાનગરપાલિકાએ જુદી જુદી ચાર જગ્યાએ રૂમ-રસોડાના કુલ ૪૧૨ આવાસો અને જુદી જુદી ત્રણ જગ્યાએ બે રૂમ રસોડાના કુલ ૩૩૯ આવાસો મળી કુલ સાત જગ્યાએ કુલ ૭૫૧ આવાસોનું કુલ બાંધકામ રૂા. ૧૦.૯૧ કરોડના ખર્ચથી કરવાનું આયોજન કરેલ છે. તમામ સાત આવાસ યોજનાઓ માટે સુરત મહાનગરપાલિકાએ કુલ ૨૮૯૨૮ ચો.મી. જમીન વિના મુલ્યે પુરી પાડેલ છે જેની પ્રર્વતમાન બજાર કિંમત સુમારે રૂા. ૫૨.૦૦ કરોડ થવા જાય છે જે સુરત મહાનગરપાલિકાની લાભાર્થીદીઠ સુમારે રૂા. ૭.૦૦ લાખની આડકત્તરી સહાય બરાબર થાય છે. ઉપરોકત આવાસ

યોજનાઓના મકાન પાકા આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચરથી નિર્માણ કરવામાં આવેલા લો રાઈઝ મકાનો છે. આ આવાસ યોજનાઓમાં જરૂરી હોય એવી તમામ પ્રાથમિક સુવિધાઓ જેવી કે રસ્તા, પાણી, ગટર, શેરી દીવાબતી, આંગણવાડી, બગીચો તેમજ કોમ્યુનીટી હોલ જેવી તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવનાર છે જેનો ખર્ચ પણ ગુજરાત સરકારશ્રીનું '' ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર '' આપનાર છે.

આજરોજ વરાછા, કતારગામ અને ઉધના ખાતે ફાળવવામાં આવેલ આવાસો પૈકીના ૧૩૭ સફાઈ કામદાર લાભાર્થીઓ પૈકી ૧૦ પ્રતિકાત્મક સફાઈ કામદારોને મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે આવાસની ચાવી અર્પણ કરવામાં આવનાર છે તે સાથે જ અન્ય લાભાર્થીઓને આ સુવિધા પ્રાપ્ત થનાર છે.

આમ, સુરત મહાનગરપાલિકા દ્વારા ફાળવવામાં આવેલ આવાસોની સુવિધા થકી સફાઈ કામદારો સ્વયંશિસ્ત કેળવી સાતત્યપૂર્ણ ઉપયોગ કરી સુરત શહેરને વિશ્વમાં સુરત શહેરને સફાઈ સ્વચ્છતા અને આરોગ્યક્ષેત્રે અગ્રક્રમે લઈ જવા સંનિષ્ઠ કર્મયોગી બની વધુ વેગવંત પ્રયત્નો કરશે તેવી આશા વ્યકત કરી હતી.

આ પ્રસંગે આભારવિધિ વ્યકત કરતા ડે. મેયર ડો.સુષ્માબેન અગ્રવાલે મંચ ઉપર બીરાજેલ મહાનુભાવો, સફાઈ કામદારો, સભામંડપમાં આમંત્રીત પ્રજાજનો નો આભાર માની જણાવ્યું હતું કે હવે પછી આવા આવાસો કે અન્ય પ્રકલ્પોના ખાતમૂહૂર્તવિધિ સાથે જ મા. મુખ્યમંત્રીશ્રીના સૂચન મુજબ વૃક્ષારોપણ પણ કરવામાં આવશે.  આ પ્રસંગે સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ મ્યુ. સદસ્યશ્રીઓ, આમંત્રિતો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## ઈન્ટરનેશનલ સીટી મેનેજર્સ એસોસીએશનની ટીમ તા. ૨૯–૫–૨૦૦૬ના રોજ સુરતની મુલાકાતે

સીટી મેનેજર એસો.ના ઉપક્રમે ઈન્ટરનેશનલ સીટી મેનેજર્સ એસોસીએશનની ટીમ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ છે. તે ટીમના લીડર મી. રોન બર્ગમેન અને અન્ય સભ્યો સાથે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, ફાયનાન્સીયલ મેનેજમેન્ટ અને સીટીઝન ગ્રીવન્સીસ રીડ્રેસલ સીસ્ટમ બાબતે તા. ૨૯–૫–૨૦૦૬ના રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાત લીધી હતી. તેમની સાથે સીટી મેનેજર્સ એસોસીએશન ઓફ ગુજરાતના પ્રોગ્રામ મનેજર, મીસ. મેઘના તેમજ નવસારી નગરપાલિકાના કાર્યપાલક ઈજનેરશ્રી રાજુભાઈ અને હેલ્થ ઓફિસર જોડાયા હતા. તેમની મુલાકાતના અનુસંધાને સુરત મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પધ્ધતિ, ડોર ટુ ડોર ગાર્બેજ સીસ્ટમ, કન્ટેનર લીફટીંગ, રીફયુઝ ટ્રાન્સફર સીસ્ટમ અને ઘનકચરાની ફાઈનલ ડીસ્પોઝલ સાઈટની મુલાકાત લીધેલ હતી. સુરત મહાનગરપાલિકાની આ પધ્ધતિને શ્રીલંકાની લગભગ–૨૫ સ્થાનિક–સ્વરાજની સંસ્થામાં અપનાવાતી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની પધ્ધતિ સાથે સરખામણી કરી તેમના આ નિરીક્ષણનો ઉપયોગ શ્રીલંકા માટે અપનાવવા આશાવાદ વ્યકત કર્યો હતો.





ગ્રીવન્સ રીડ્રેસલ સીસ્ટમના નિરીક્ષણ સારૂ તેમણે અડાજણ અને સેન્ટ્રલ ઝોન ખાતેના નાગરિક સુવિધા કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમણે સીંગલ વીન્ડો સીસ્ટમથી અપાતી સુવિધાઓને બીરદાવી હતી. મનપાની ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ અંગે મહાનગરપાલિકાના વિભાગીય વડાશ્રીઓ સાથે ચર્ચા કરતા કરવેરા વ્યવસાયિક અને વાણિજયીક ફીના ધોરણે નહીં લેવાતા હોવા છતાં સુરત મહાનગરપાલિકા દ્વારા પુરી પડાતી સેવાઓના સ્તરની અમેરિકા અને યુરોપીયન દેશો સાથે તુલના કરતા ન્યૂનતમ કરભારણથી અપાતી આ સુવિધાઓને તેમણે આવકારી હતી. અત્રેની બેસ્ટ પ્રેકટીસીસ અને વિચાર વિમર્શ શ્રીલંકન સ્થાનિક સ્વરાજ માટે ઉપયોગી થઈ પડશે. તેવી આશા તેમણે વ્યકત કરી હતી.

TOP

## સરકાર માન્ય રોજગારલક્ષી પ્રિ–સેનેટરી ઈન્સ્ટેકટર્સ કોર્ષમાં પ્રવેશ મેળવો

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટના સુરત કેન્દ્ર તરફથી ચાલુ વર્ષે આગામી માહે જુલાઈથી શરૂ થનારા ૧ (દોઢ) વર્ષની મુદતના પ્રિ–સેનેટરી ઈન્સ્પેકટર્સ કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ પાસ ઉમેદવારો માટે ઉત્તમ તક સંસ્થામાં ચાલતા સેનેટરી ઈન્સ્પેકટર્સ ડીપ્લોમાં કોર્ષમાં પ્રવેશ માટેના ફોર્મ્સ સંસ્થાના કાર્યાલય નગર પ્રાથમિક શાળા ક્રમાંકઃ ૭૮, બીજો માળ, ગલેમંડી, મંછરપુરા, કોલસાવાડ, સુરત ખાતેથી સવારે ૧૧–૦૦ થી બપોરે ૩–૦૦ દરમ્યાન (રજાના દિવસો સિવાય) મેળવી લેવાના રહેશે.

TOP